કર્મચારીઓની અનિયમિતતા સામે લાલ આંખ, શિસ્ત ભંગ કરનાર સામે કડક કાર્યવાહીના સંકેત

મહીસાગર કલેક્ટર કચેરીમાં નિવાસી અધિક કલેક્ટરની ‘સરપ્રાઈઝ વિઝિટ’

હાજરી પત્રકમાં સમય સાથે સહી અને ‘અવર-જવર રજિસ્ટર’ ફરજિયાત

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૧૬

મહીસાગર કલેક્ટર કચેરીમાં કર્મચારીઓ મોડા આવતા હોવાની અને પોતાની બેઠક પર હાજર ન રહેતા હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી હતી. આ ફરિયાદોને પગલે વહીવટી તંત્ર સફાળું જાગ્યું છે. મંગળવારના રોજ નિવાસી અધિક કલેક્ટર સી.વી. લતાએ કલેક્ટર કચેરીની વિવિધ શાખાઓમાં આકસ્મિક મુલાકાત લેતા મોડા આવતા અને બિનશિસ્ત કર્મચારીઓમાં ફફડાટ વ્યાપી ગયો હતો.

મહીસાગર નિવાસી અધિક કલેક્ટર સી.વી. લતાએ કચેરીના સમય પાલન અંગે કડક વલણ અપનાવતા સ્પષ્ટ સૂચના આપી છે કે, હવેથી તમામ કર્મચારીઓએ માત્ર હાજરી જ નહીં, પણ સમય દર્શાવીને ટૂંકી સહી કરવી પડશે. આ મુલાકાત દરમિયાન તેઓએ નોંધ્યું હતું કે, અરજદારોના પ્રશ્નોના નિકાલમાં વિલંબ ન થાય તે માટે કર્મચારીઓની હાજરી અનિવાર્ય છે. આથી, કલેક્ટર કચેરી સહિત તાબાની પ્રાંત કચેરીઓ, મામલતદાર કચેરી અને પુરવઠા વિભાગ માટે નવા આદેશો જારી કરાયા છે. જો કોઈ કર્મચારીએ સરકારી કામ અર્થે કચેરીની બહાર જવાનું થાય, તો તેની નોંધ ‘અવર-જવર રજિસ્ટર’ માં ફરજિયાતપણે કરવાની રહેશે. આ ઉપરાંત સી.વી. લતાએ સ્ટાફને તાકીદ કરી હતી કે વહીવટી તંત્ર જનતાની સેવા માટે છે. અરજદારોને પોતાની રજૂઆતો માટે ધક્કા ન ખાવા પડે અને તેમની અરજીઓનો ત્વરિત નિકાલ થાય તેવો સંવેદનશીલ અભિગમ અપનાવવા તેમણે સૂચના આપી હતી.

ગુજરાતમિત્રનો ૧૧ જૂનનો અહેવાલ

મહીસાગર જિલ્લાના વહીવટી તંત્રમાં ‘લેટ લતીફો’નો રાફડો : અરજદારોને ધરમધક્કા

અંતરિયાળ ગામડાઓથી ભાડાના પૈસા ખર્ચીને આવતા અરજદારોને ખાવી પડે છે ઠોકર

જનતાની મુખ્ય માંગણીઓ

ટેકનોલોજીનો ઉપયોગ કરવા સૂચન

કર્મચારીઓ માટે કડક આચારસંહિતા

- **સમયપાલન:** નિયત સમયે કચેરીમાં હાજર થઈ હાજરી પત્રકમાં સમય સાથે સહી કરવી.
- **મૂવમેન્ટ રજિસ્ટર:** કચેરી સમય દરમિયાન બહાર જતી વખતે ‘અવર-જવર રજિસ્ટર’ માં એન્ટ્રી ફરજિયાત.
- **સ્વચ્છતા અને રેકોર્ડ:** પોતાની બેઠકની આસપાસ સફાઈ રાખવી અને રેકોર્ડનું યોગ્ય વર્ગીકરણ કરવું.
- **પ્રજાલક્ષી અભિગમ:** અરજદારોના પ્રશ્નોને પ્રાધાન્ય આપવું.

આણંદ નજીક મહીસાગર નદીના તટે વહેરાખાડીમાં સોમવતી અમાસ નિમિત્તે શ્રદ્ધાળુઓનું મહેરામણ ઉમટ્યું

આણંદના વહેરાખાડી ખાતે સોમવતી અમાસ અને પુરુષોત્તમ માસની પૂર્ણાહુતિના પવિત્ર અવસરે શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યાં હતાં. આ દિવસે મહી નદીમાં સ્નાન, જપ, દાન અને પિતૃતર્પણનું વિશેષ મહત્વ હોવાથી વહેલી સવારથી જ ભક્તોએ પવિત્ર જળમાં ડૂબકી લગાવી ધન્યતા અનુભવી હતી. વહેરાખાડી ગામમાં માતા મહીસાગર અને દરિયાદેવનું બે હજાર વર્ષ જૂનું પૌરાણિક મંદિર આવેલું છે. શ્રદ્ધાળુઓએ મહી નદીમાં પવિત્ર સ્નાન કરી પિતૃઓની શાંતિ માટે પ્રાર્થના કરી હતી. આ સાથે જ પીપળાના વૃક્ષને પાણી પાઈને બ્રહ્મા, વિષ્ણુ અને મહેશના આશીર્વાદ મેળવ્યા હતા. શ્રદ્ધાળુઓની માન્યતા છે કે આ દિવસે પવિત્ર નદીમાં સ્નાન કરવાથી અનેક જન્મોના પાપ નષ્ટ થાય છે. મોટી સંખ્યામાં માનવ મહેરામણ ઉમટતાં ટ્રાફિકની સમસ્યા સર્જાઈ હતી.

પતિએ સોશ્યલ મિડીયા પર ‘ત્રિપલ તલાક’ આપી દીધા

(પ્રતિનિધિ) બાલાસિનોર તા.૧૬

મહિસાગર જિલ્લાના બાલાસિનોરમાં એક ૨૫ વર્ષીય મુસ્લિમ પરિણીતાને તેના પતિ દ્વારા વોટ્સએપ પર ઓડિયો અને વીડિયો રેકોર્ડિંગ મોકલી ગેરકાયદેસર રીતે ‘ત્રિપલ તલાક’ આપવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. સાસરિયાઓના ત્રાસ અને ધમકીઓથી કંટાળી હાલ પિયરમાં આશરો લઈ રહેલી પરિણીતાએ આ મામલે પતિ સહિત ચાર વ્યક્તિઓ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે.

બાલાસિનોરની મોહંમદી કોલોનીમાં રહેતી સમીરાબાનુના લગ્ન વર્ષ ૨૦૨૪માં મુસ્લિમ શરીયત મુજબ ફેઝાન મહંમદહનીફ શેખ સાથે થયા હતા. લગ્નના ગણતરીના મહિનાઓમાં જ પતિ, સસરા અને અન્ય સાસરિયાઓએ ઘરકામ બાબતે મેણાંટોણાં મારી તેમજ ચારિત્ર્ય પર ખોટી શંકાઓ કરી શારીરિક અને માનસિક ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું. આ દરમિયાન પરિણીતાને ગળું દબાવી જાનથી મારી નાખવાની ધમકી પણ આપવામાં આવી હતી.

હાલ ૧૪ મહિનાની દીકરી સાથે પિયર લુણાવાડા ખાતે આશ્રય લઈ રહેલી પરિણીતાના ભાઈના મોબાઈલ પર ગત ૨૯ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ પતિ ફેઝાને તલાક આપતો ઓડિયો-વીડિયો મેસેજ મોકલી ધમકી આપી હતી. આ ગંભીર મામલે બાલાસિનોર પોલીસે પતિ ફેઝાન શેખ, સસરા મહંમદહનીફ શેખ, ફુવા સસરા કાદરભાઈ શેખ અને ફોઈ સાસુ તાહેરાબાનુ વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મહીસાગરના પટમાં રેતી માફિયા પર દરોડો : 53 લાખનો મુદ્દામાલ જપ્ત

આંકલાવના ગંભીરા અને બામણગામમાં વહેલી સવારે તંત્રના દરોડાથી ખનીજ ચોરોમાં ફફડાટ

(પ્રતિનિધિ) આણંદ તા.૧૬

આણંદ જિલ્લામાંથી પસાર થતી મહીનદીના પટમાં લાંબા સમયથી ચાલી રહેલા ગેરકાયદે રેતી ખનનના કાળા કારોબાર પર આખરે વહીવટી તંત્રની ‘લાલ આંખ’ જોવા મળી છે. આણંદ જિલ્લા કલેક્ટર પ્રવીણ ચૌધરીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ ખાણ-ખનિજ વિભાગે આંકલાવ તાલુકાના ગંભીરા અને બામણગામના નદી કિનારાના વિસ્તારોમાં આકસ્મિક દરોડા પાડી કુલ 53 લાખની કિંમતની મશીનરી જપ્ત કરી છે. જોકે, આ સમગ્ર કાર્યવાહીએ ફરી એકવાર એ સવાલ ઉભો કર્યો છે કે, જિલ્લામાં ખનીજ માફિયાઓ બેફામ છે ત્યારે ખાણ-ખનિજ વિભાગ પોતાની સ્વાયત્ત જવાબદારી નિભાવવાને બદલે શું માત્ર કલેક્ટરના આદેશની જ રાહ જોતું બેસી રહે છે?

મહીનદીના કિનારે રેતી ચોરીની વ્યાપક ફરિયાદો હોવા છતાં ખાણ-ખનિજ વિભાગ લાંબા સમયથી નિષ્ક્રિય જણાતો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર, જ્યારે કલેક્ટર દ્વારા કડક શબ્દોમાં સૂચના આપવામાં આવી અને સીધું માર્ગદર્શન અપાયું, ત્યારબાદ જ મદદનીશ ભૂસ્તરશાસ્ત્રીની તપાસ ટીમ હરકતમાં આવી હતી. પ્રશ્ન એ છે કે શું ખનીજ વિભાગ પાસે પોતાની કોઈ બાતમીદાર વ્યવસ્થા નથી? કે પછી કલેક્ટરના હસ્તક્ષેપ વગર આ વિભાગ રેતી માફિયાઓ સામે પડવાની હિંમત કરી શકતું નથી? આ એન્ગલ જિલ્લામાં ચર્ચાનો વિષય બન્યો છે.

આણંદ ખાણ - ખનિજ વિભાગ દ્વારા મંગળવારે વહેલી સવારે જ્યારે રેતી માફિયાઓ ખનન પ્રવૃત્તિમાં વ્યસ્ત હતા, ત્યારે તપાસ ટીમે ઓચિંતી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન સ્થળ પર સાદી રેતીનું ગેરકાયદેસર ખોદકામ થતું હોવાનું માલૂમ પડ્યું હતું. આ કાર્યવાહીમાં તંત્રએ ઘટનાસ્થળેથી 01 એક્સેવેટર મશીન અને 02 નાવડીઓ (બોટ) સહિતનો મુદ્દામાલ કબજે કર્યો છે.

ખંભાતમાં ટ્રક પાછળ બાઈક ઘૂસી જતાં ચાલકનું કરુણ મોત

ભાઈની નજર સામે જ સર્જાયો કમકમાટીભર્યો અકસ્માત સર્જાયો

(પ્રતિનિધિ) ખંભાત તા.૧૬

આણંદ જિલ્લાના ખંભાત શહેરના લાલદરવાજા-ગાયત્રીનગર રોડ પર એક ભયાનક માર્ગ અકસ્માત સર્જાયો છે, જેમાં એક બાઈક ચાલકનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું છે. આ અકસ્માત એટલો જોરદાર હતો કે બાઈક ચાલક તેના જ સગા ભાઈની નજર સામે આગળ જતી ટ્રકની પાછળ ઘૂસી ગયો હતો.

મળતી વિગત મુજબ, ખંભાતના ગંધ્રકવાડો વિસ્તારમાં રહેતા તાહીરભાઈ મોહંમદભાઈ દીવાન પોતાનું મોટરસાયકલ લઈને રાજવી કોમ્પલેક્ષ પાસેથી પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન તેમણે પોતાનું વાહન પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી આગળ જતી ટ્રક (નંબર RJ-14-GP-9991) ની પાછળ ધડાકાભેર ભટકાવ્યું હતું.

આ અકસ્માતમાં તાહીરભાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેમને લોહીલુહાણ હાલતમાં ખંભાત જનરલ હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

આ મામલે મૃતકના ભાઈ હુસેનભાઈ દીવાને ખંભાત સીટી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગફલતભરી રીતે વાહન હંકારી પોતાનું જ મોત નીપજાવવા બદલ મૃતક બાઈક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. વધુ તપાસ અર્થે એફએસએલને જાણ કરી હતી.

આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

સીવીએમ યુનિ.ના વૈજ્ઞાનિક ડો. રવિન્દ્ર બંસલ દ્વારા ટેકનોલોજીના સામાજિક ઉપયોગ પર વિશેષ સંવાદ

આણંદ | સીવીએમ યુનિવર્સિટી દ્વારા આઇસ્ટાર કોલેજ ખાતે આયોજિત ‘ડી.એ.ઈ. ટેકનોલોજી’ વિષયક એક્સપર્ટ ટોકમાં મુંબઈ BARCના વૈજ્ઞાનિક ડો. રવિન્દ્ર બંસલે આરોગ્ય, કૃષિ અને પર્યાવરણમાં ટેકનોલોજીના ઉપયોગ અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે સંસ્થાના પ્રમુખ ભીખુભાઈ પટેલ સાથે વિદ્યાર્થીઓ માટે ઇન્ટર્નશીપ અને સંયુક્ત સંશોધન પ્રોજેક્ટ્સ જેવી રોજગારલક્ષી બાબતો પર હકારાત્મક ચર્ચા કરી હતી. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સંશોધકો અને વિદ્યાર્થીઓએ ઉપસ્થિત રહીને ટેકનોલોજી ટ્રાન્સફર અને સમાજ ઉપયોગી નવીનતાઓ વિશે માહિતી મેળવી હતી.

નડિયાદના આખડોલમાં જનકલ્યાણ શિબિરમાં યોજનાકીય લાભોનું વિતરણ કરાયું

નડિયાદ | વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વના ૧૨ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે આખડોલની પે સેન્ટર શાળા ખાતે ભવ્ય જનકલ્યાણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય પંકજભાઈ દેસાઈએ સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો મહત્તમ લાભ લેવા અને દરેક વર્ગ સુધી વિકાસ પહોંચાડવાના લક્ષ્ય પર ભાર મૂક્યો હતો. આ શિબિરમાં વૃદ્ધ પેન્શન, ગંગા સ્વરૂપા સહાય, આયુષ્માન કાર્ડ અને રેશનકાર્ડ જેવી વિવિધ સેવાઓના પ્રમાણપત્રો અને મંજૂરી પત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં ગ્રામજનોએ ઉપસ્થિત રહી એક જ સ્થળેથી સરકારી યોજનાઓનું માર્ગદર્શન અને સીધો લાભ મેળવી સંતોષ વ્યક્ત કર્યો હતો.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને ‘ગુજરાતમિત્ર’ આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

બોરસદમાં જીએનએફસી દ્વારા ખેડૂત સંગોષ્ઠિ અને PM-PRANAM જાગૃતિ કાર્યક્રમનું આયોજન

બોરસદ | બોરસદ એપીએમસી ખાતે જીએનએફસીના સુવર્ણ જયંતી વર્ષ અંતર્ગત ૧૨૫ ખેડૂતો માટે આધુનિક ખેતી અને ખાતરના સંતુલિત ઉપયોગ અંગે વિશેષ માર્ગદર્શન શિબિર યોજાઈ હતી. આ કાર્યક્રમમાં નિષ્ણાતો દ્વારા ખેડૂતોને નેનો યુરિયા, પ્રાકૃતિક ખેતી અને જીવામૃતના ઉપયોગ દ્વારા જમીનની ફળદ્રુપતા જાળવી રાખવા અંગે ઊંડાણપૂર્વક સમજ આપવામાં આવી હતી. વિસ્તરણ અધિકારીએ વિવિધ કૃષિ સહાય યોજનાઓની માહિતી આપી ખેડૂતોને આધુનિક પદ્ધતિઓ અને ખાતરનો વૈજ્ઞાનિક ઢબે ઉપયોગ કરવા અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમમાં એપીએમસીના હોદ્દેદારો હાજર રહ્યાં હતાં.

કઠલાલમાં સુશાસનના ૧૨ વર્ષ પૂર્ણ થતા હનુમાન ચાલીસાના પાઠ યોજાયા

કઠલાલ | કઠલાલ શહેર યુવા મોરચા દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૧૨ વર્ષના સુશાસનની ઉજવણીના ભાગરૂપે વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. શ્રી સ્વયંભૂ હનુમાનજી મંદિર ખાતે હનુમાન ચાલીસાના પાઠ અને રામધૂન દ્વારા પીએમના ઉત્તમ સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરાઈ હતી. આ પ્રસંગે ભાજપના પદાધિકારીઓ, આગેવાનો અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ભક્તિમય માહોલમાં જોડાયા હતા. વડાપ્રધાનના જનકલ્યાણ કાર્યોને બિરદાવીને તેમના દીર્ઘાયુષ્ય માટેની કામના સાથે આ કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

કપડવંજ શહેર ભાજપ યુવા મોરચા દ્વારા ટિફિન બેઠક અને જનસંપર્ક કાર્યક્રમ યોજાયો

કપડવંજ | વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૧૨ વર્ષના સફળ કાર્યકાળ નિમિત્તે કપડવંજ શહેર યુવા મોરચા દ્વારા વિશેષ જનસંપર્ક અને ટિફિન બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રદેશ યુવા મોરચાના ઉપાધ્યક્ષ કુલદીપ બારોટે કાર્યકરોને સરકારની લોકકલ્યાણકારી યોજનાઓ જન-જન સુધી પહોંચાડવા અને સંગઠન મજબૂત કરવા આહવાન કર્યું હતું. આ કાર્યક્રમમાં એપીએમસી ચેરમેન ધવલ પટેલ, શહેર ભાજપ પ્રમુખ નયન પટેલ સહિત જિલ્લા અને શહેર યુવા મોરચાના હોદ્દેદારો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

કપડવંજમાં દશા પોરવાડ જ્ઞાતિ મંડળો દ્વારા રાહદારી માટે શુદ્ધ પાણીની પરબનો પ્રારંભ કરાયો

કપડવંજ | કપડવંજ દશા પોરવાડ જ્ઞાતિ મિત્ર મંડળ, મહિલા મંડળ અને પંચ દ્વારા શેઠવાડા બજાર વિસ્તારમાં શુદ્ધ પીવાના પાણીની પરબ શરૂ કરવામાં આવી છે. વરસાદમાં વિલંબ થવાની આગાહી વચ્ચે કાળઝાળ ગરમીમાં આઝાદ ચોકથી ગાંધી ચોક સુધીના વાહનચાલકો અને રાહદારીઓને રાહત આપવા આ માનવતાવાદી કાર્ય કરાયું છે. સંસ્થાના વિવિધ અગ્રણીઓ અને મહિલા મંડળના સભ્યોની ગરિમામય ઉપસ્થિતિમાં આ સેવાકીય પ્રવૃત્તિનો વિધિવત પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પરબ દ્વારા આગામી સમયમાં તહેવારો નિમિત્તે છાશનું વિતરણ કરવામાં આવશે.

કઠલાલ દૂધ મંડળીના મૃતક સભાસદના વારસદારોને અમૂલ ડેરી દ્વારા રૂ. 25 હજારની વીમા સહાય

આણંદ | આણંદ અમૂલ ડેરી દ્વારા પશુપાલકો માટે લેવાયેલ ગ્રુપ એક્સીડન્ટ વીમા પોલીસી અંતર્ગત મૃતક સભાસદના પરિવારને સહાય આપવામાં આવી છે. કઠલાલ દૂધ મંડળીના સ્વર્ગસ્થ સભાસદના બે પુત્રોને વીમા પેટે મળેલ કુલ રૂ. 25,000નો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. મંડળીના ચેરમેન ગોપાલભાઈ સોલંકી અને મંત્રી શૈલેષભાઈ પટેલના હસ્તે આ સહાયનો ચેક વારસદારોને સુપરત કરાયો હતો. અમૂલ ડેરીની આ યોજના દ્વારા પશુપાલકોના પરિવારને મુશ્કેલીના સમયે આર્થિક ટેકો પૂરો પાડવાનો ઉમદા પ્રયાસ કરવામાં આવ્યો છે.

ખેડા બાળ કલ્યાણ સમિતિ દ્વારા સિવિલ હોસ્પિટલમાં સારવાર લેતા બાળકની મુલાકાત લેવામાં આવી

નડિયાદ | ખેડા જિલ્લા બાળ કલ્યાણ સમિતિના સભ્યોએ સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળના સ્પેશિયલ નીડ બાળકની રૂબરૂ મુલાકાત લઈ સ્વાસ્થ્યની પૃચ્છા કરી હતી. ચેરમેન અમિત ડાભીના માર્ગદર્શન હેઠળ સમિતિના સભ્યો અમિત સોની, નીરજ ગોએલ અને કૃતિબેન પટેલે પીડિયાટ્રીશ્યન ડોક્ટર સાથે બાળકની સારવાર અંગે વિગતો મેળવી હતી. મુલાકાત દરમિયાન સિવિલના રેસીડેન્ટ ડોક્ટર અને સ્ટાફની હાજરીમાં બાળક ઝડપથી સ્વસ્થ થાય તે માટે જરૂરી માર્ગદર્શન મેળવવામાં આવ્યું હતું. સંસ્થાના આશ્રિત આ બાળકની યોગ્ય સારવાર અને દેખરેખ સુનિશ્ચિત કરવા માટે પરામર્શ કરવામાં આવ્યો હતો.

કરમસદ - આણંદ મનપા દ્વારા જન કલ્યાણ શિબિરમાં લાભાર્થીઓને સહાય અપાઇ

આણંદ | કરમસદ આણંદ મહાનગરપાલિકાના NULM-UCD વિભાગ દ્વારા છેવાડાના માનવી સુધી સરકારી લાભો પહોંચાડવા માટે ‘જન કલ્યાણ શિબિર’નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. મેયર દીપિકાબેન પટેલ સહિતના મહાનુભાવોના હસ્તે પીએમ સ્વનિધિ યોજના હેઠળ નાના વેપારીઓને ૧૫ થી ૫૦ હજાર સુધીની લોન સહાયના ચેકોનું વિતરણ કરાયું હતું. આર્થિક સહાયની સાથે આરોગ્યની સુખાકારી માટે પીએમ આયુષ્યમાન કાર્ડ પણ અપાયા, જેમાં મોટી સંખ્યામાં ફેરિયાઓ અને નગરજનો ઉત્સાહભેર જોડાયા હતા. આ શિબિરનો મુખ્ય હેતુ જરૂરિયાતમંદોને આર્થિક-સામાજિક સુરક્ષા પૂરી પાડી હતી.

બેંક ઓફ ઇન્ડિયા દ્વારા બેંકિંગમાં હિન્દી-ગુજરાતીના પ્રસાર માટે કાર્યશાળા યોજાઈ

આણંદ | બેંક ઓફ ઇન્ડિયા વડોદરા ઝોનલ ઓફિસ દ્વારા સ્ટાફને બેંકિંગ કામકાજમાં હિન્દી અને ગુજરાતી ભાષાના ઉપયોગ માટે પ્રોત્સાહિત કરવા એક દિવસીય રાજભાષા કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં ગ્રાહકો સાથેના વ્યવહારમાં અંગ્રેજીનો બિનજરૂરી વપરાશ ટાળવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. આ પ્રસંગે અનુરાગ આનંદ, શ્રી રાજેશ જોશી અને શ્રી કિશોર સોનાર જેવા નિષ્ણાતોએ ઉપસ્થિત રહી સ્ટાફને માતૃભાષાના પ્રચાર-પ્રસાર અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. રાજભાષા મેનેજર કિશોર સોનાર દ્વારા સંચાલિત આ કાર્યશાળાનો મુખ્ય ઉદ્દેશ્ય સ્થાનિક ભાષા દ્વારા ગ્રાહક સેવાને વધુ સરળ બનાવવાનો હતો.

ઉમરેઠમાં સાત સ્વરૂપની હવેલી ગ્રુપ દ્વારા દિવ્ય ‘શ્રી પુરષોત્તમ યાગ’ સંપન્ન થયો

ઉમરેઠ | ઉમરેઠના નાશિકવાળા હોલ ખાતે સાત સ્વરૂપની હવેલી ગૃપ દ્વારા દેવકીનંદજી મહારાજના માર્ગદર્શન અને દિવ્ય સાનિધ્યમાં પુરષોત્તમ યાગનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ડાકોરના વિદ્વાન બ્રાહ્મણ જીગરભાઇ જોષીના આચાર્યપદે ઉપસ્થિત ૧૦૪ વૈષ્ણવ યજમાનોએ શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર સાથે આ યજ્ઞ વિધિવત સંપન્ન કર્યો હતો. આ પ્રસંગે દેવકીનંદજી મહારાજે વૈષ્ણવતાનું પાલન કરવા અને આવનારી પેઢીને ધર્મ સાથે જોડવાની જવાબદારી સમજાવી આશીર્વચન પાઠવ્યા હતા. પરાગ ચોકસી અને રાજશ્રી શાહ સહિતના કાર્યકરોએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.